BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

## ભ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમેર્જન્સી સર્વિસિસ ભાગ લઈ રહ્યા છે *સેવ્ડ બાય દ બીપ*, જેની આગેવાની કરશે ફાયર માશલની કચેરી

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (06 સપ્ટેમ્બર 2023) – આગ સામેની જાગરૂકતા અને તૈયારીની મહત્તા ઊભી કરવા માટે સિટી ઓફ બ્રૅમ્પટન ઓન્ટારિયોના પ્રથમ *ટેસ્ટ યોર ફાયર એલાર્મ ડે*માં સહભાગી થઈ રહ્યા છે જે હાથ ધરાશે સપ્ટેમ્બરની 28મીએ અને જે ફાયર માશલની કચેરીની (OFM) આગેવાની હેઠળ હાથ ધરાશે.

આખા રાજ્યમાં મૃત્યુની સંખ્યામાં થયેલા વધારા સાથે, OFM દ્વારા શૈક્ષણિક અભિયાન *સેવ્ડ બાય દ બીપ* બનાવવામાં આવ્યું છે જેથી રહેવાસીઓને તેમના સ્મોક એલાર્મ્સ તપાસવા માટે પ્રોત્સાહિત કરશે જેથી તેમના ઘર આગથી વધુ સુરક્ષિત રહી શકે.

ભ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમેર્જન્સી સર્વિસિસ ભાગ લઈ રહ્યા છે *સેવ્ડ બાય દ બીપ* જેથી રહેવાસીઓને કાર્યશીલ સ્મોક એલાર્મ, કાર્બન મોનોક્સાઇડ એલાર્મ્સ અને ઘરમાંથી કેવી રી તે પલાયન થઈ શકાય તેની મહત્તા વિશે પ્રશિક્ષિત કરી શકાય.

આખા સપ્ટેમ્બરમાં, સિટી ઓફ બ્રૅમ્પટન અને BFES સોશ્યલ મિડિયા પર માહિતી શેર કરતા રહેશે અને ઘરમાં આગની સુરક્ષા તેમજ સૂચનો વિશેની રૂબરૂ ગોષ્ઠીઓનું આયોજન કરશે જેથી રહેવાસીઓ તેનો ઉપયોગ તે સુનિશ્ચિત કરવા માટે કરી શકે કે આગ લાગવાની ઘટનામાં તેઓ તૈયાર હોય.

**ફાયર ફાઇટર સાથે ચાય પે ચર્ચા માટે અમારી સાથે જોડાઓ**

**શું:** ફાયર શ્વાન સ્પાર્કીને મળો અને *ટેસ્ટ યોર ફાયર એલાર્મ ડે* વિશે અને કાર્યશીલ સ્મોક એલાર્મ અને આગ સામેની સલામતી વિશે વધુ જાણકારી મેળવો.

**તારીખ:** શુક્રવાર, સપ્ટેમ્બર 22

**સમય:** સવારે 9-11 વાગ્યે

**ક્યાં:** મકડોનાલ્ડ્સ, 160 સેન્ડલવૂડ પાર્કવે ઈસ્ટ

જાગરૂકતા વધારવા માટે BFES રહેવાસીઓને પોતાના સોશ્યલ મિડિયા સક્રિય કરવાનો પડકાર તેમની સેવ્ડ બાય દ બીપ ડાન્સ ચેલેન્જ દ્વારા આપી રહ્યા છે. તેમણે એક ડાન્સ બનાવ્યો છે જે દરેક વય અને ક્ષમતાઓ માટે સરળ છે. સ્મોક એલાર્મ સલામતી

વિશે જાગરૂકતા વધારવા માટે તમારો વિડિયો સોશ્યલ મિડિયા પર શેર કરશો અને તેમાં તમે કેવી રીતે બીપ તપાસો છો તે દર્શાવવા માટે #SavedByTheBeep નો ઉપયોગ કરશો. ચેક આઉટ કરો ડાન્સને @citybrampton Instagramપર.

વધુ જાણકારી માટે, આગ લાગે ત્યારે શું કરવું તેના સૂચનો માટે અને કેવી રીતે તમારા ઘરને આગથી વધુ સમામત બનાવવું તે માટે અહીં મુલાકાત લો www.bramptonfire.com

**સુવાક્યો**

"આગથી સલામત રહેવાના વિષય પર વધુ ચર્ચા કરવી જરૂરી છે. સ્મોક એલાર્મ જીવ બચાવી શકે છે અને આખા રાજ્યમાં એ માટે એક ખાસ દિવસ રાખવો જ્યાં લોકોને પોતાના ઘરોમાં સ્મોક એલાર્મ ટેસ્ટ કરવા કહી શકાય તેનાથી આગના બનાવમાં આપણા રહેવાસીઓને સુરક્ષિત રાખવા માટેનું કદમ છે. આ જબરદસ્ત અભિયાનનો ભાગ થાઉ છું ત્યારે મને ગૌરવની લાગણી થાય છે અને જેથી બ્રૅમ્પટનમાં આગની સુરક્ષા વિશે જાગરૂકતા ફેલાવી શકાશે.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

"સેવ્ડ બાય દ બીપમાં સહભાગી થતા અમે રોમાંચિત છીએ. સ્મોક એલાર્મ્સ જીવ બચાવે છે અને રહેવાસીઓને સ્મૃતિ કરાવે છેકે તેમણે તેમના સ્મોક એલાર્મ્સ માસિક ધોરણે તપાસવા જોઇએ અને તેનાથી તેઓ સલામત રહી શકશે. અમે રહેવાસીઓને આગ લાગવાના બનાવ વખતે સજ્જ રહીને ઘરમાંથી પલાયન થવાની યોજના રાખવા પ્રોત્સાહિત કરીએ છીએ. આગમાં દરેક સેકન્ડ મૂલ્યવાન હોય છે અને સજ્જ રહેવાથી જીવો બચી શકે છે."

- રોબ માર્ટિન, એક્ટિંગ ફાયર ચીફ, બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમેર્જન્સી સર્વિસિસ

"સિટી ઓફ઼ બ્રૅમ્પટન અને બ્રૅમ્પટન ફાયરે ટેસ્ટ યોર સ્મોક એલાર્મ ડે ની જાહેરાત કરવામાં સેવ્ડ બાય દ બીપ અભિયાનના માધ્યમથી અપેક્ષા કરતા અધિક કર્યું છે. આ જીવ બચાવવાનો સંદેશ બહાર પાડવામાં બ્રૅમ્પટને જે સર્જનાત્મકતા દર્શાવી છે તે ખરેખર પ્રશંસાપાત્ર છે. મને બ્રૅમ્પટન અને OFM વચ્ચેના સંકલિત પ્રયાસોથી એટલો આનંદ થાય છે જે દર્શાવે છે કે ઓન્ટારિયોને આગથી સલામત રાખવા માટે સહયોગથી પરિવર્તનને પ્રભાવિત કરી શકાય.

- જોલ્ન પેગ, ફાયર માર્શલ

-30

BRAMPTON

Media Release

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.


**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**

સિટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા

multiculturalmedia@brampton.ca